ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગર જીલ્લામાં એક વર્ષમાં એકવીસ હત્યા થઈ

## દર ૧૭ દિવસે જિલ્લામાં એક હત્યા થાય છે : ખુનની કોશીષના ગુના ૨૦૧૨ કરતા ૨૦૧૩માં બમણા બન્યા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં વર્ષ-૨૦૧૩માં ખુનનાં બનાવોના આંકડા દેખતા ધ્રુજારી છુટી જાય તેમ છે. જિલ્લામાં એક વર્ષમાં ૨૧ ખુન થયા છે. એટલે કે સરેરાશ દર ૧૭ દિવસે જિલ્લામાં એક ખુન થાય છે. જો કે વર્ષ-૨૦૧૨ કરતાં ૨૦૧૩માં જિલ્લામાં બે ખુનના ગુના ઘટ્યા છે. ૨૦૧૨માં ૨૩ ખુન થયા હતા. જે આંકડો ઘટીને ૨૦૧૩માં ૨૧ પર આવ્યો છે.

વર્ષ-૨૦૧૨માં ગાંધીનગર જિલ્લામાં ૨૩ ખુન થયા હતાં એટલે કે દર ૧૫ દિવસે જિલ્લામાં એક ખુન થયું હતું. વર્ષ ૨૦૧૩માં ૨૧ ખુન થયા છે. એક તરફ સૌથી સલામત રાજ્ય હોવાના બણગા ફુંકાય છે ત્યારે રાજ્યના પાટનગરમાં જ સરેરાશ દર ૧૭ દિવસે એક હત્યા થાય છે. તો બીજી તરફ ગત વર્ષ-૨૦૧૨ની સરખામણીમાં હત્યાની કોશીષના ગુનાઓ પણ બે ગણા વધી ગયા છે. ૨૦૧૨માં હત્યાની કોશીષના ૪ ગુના બન્યા હતા જે વધીને ૨૦૧૩માં ૯ ગુના નોંધાયા છે. તે ઉપરાંત સાપરાધ મનુષ્ય વધનો પણ એક કિસ્સો ૨૦૧૩માં નોંધાવા પામ્યો હતો.

# કાતિલ દોરીથી ઘવાયેલા પક્ષીઓને આકાશમાં નવી ઉડાન અપાશે

## ગીર ફાઉન્ડેશનમાં ૧૩ જાન્યુઆરીથી દવાખાનુ શરૂ થશે : ૧૧મીએ સ્વયંસેવકો માટે ખાસ તાલીમ કાર્યરત

ગાંધીનગર, તા. ૯

આકાશને રંગીન બનાવતા ઉત્તરાયણના પર્વમાં ઘાયલ પક્ષીઓને નવી ઉડાન આપવા વન વિભાગ તેમજ સ્થાનિક સંસ્થાઓના સહયોગથી ઉમદા સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. ગત વર્ષ દરમિયાન પણ પતંગની કાતિલ દોરીથી ઘવાયેલા ૫૦ થી વધુ અબોલ પક્ષીઓને સારવાર પુરી પાડી આકાશમાં નવી ઉડાન આપવામાં આવી હતી. આગામી તા. ૧૩ થી ૧૬ જાન્યુઆરી દરમ્યાન પણ ગીર ફાઉન્ડેશનમાં પક્ષીઓની સારવાર માટે દવાખાનું શરૂ કરવામાં આવશે. જેને અનુલક્ષી ૧૧ જાન્યુઆરીના રોજ સવારે ૧૦.૩૦ કલાકે વનચેતના કેન્દ્ર ખાતે સ્વયંસેવકો માટે ખાસ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉત્તરાયણના પર્વની મજા લૂંટવામાં રંગીન બનતા આકાશી નઝારા વચ્ચે પતંગ કાપતી કાતિલ દોરી માસુમ પક્ષીઓની પાંખ પણ કાપી નાંખે છે. જેના પરિણામે કાઈટ ફલાઈંગ દરમિયાન દર વર્ષે સેંકડો પક્ષીઓને ગંભીર ઈજા થવા પામે છે. દર્દથી કણસતા ઘાયલ પક્ષીઓની સારવાર માટે ગાંધીનગર જિલ્લામાં પ્રતિવર્ષ અનોખુ અને પ્રેરણાદાયી અભિયાન હાથ ધરવામાં આવે છે. શહેરની સંસ્થા વનશ્રી સેવા ટ્રસ્ટ, ગીર ફાઉન્ડેશન અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે દોરીથી ઘવાયેલા પક્ષીઓને સારવાર પુરી પાડવાનું ઉમદા કાર્ય હાથ ધરવામાં આવે છે. જેના ભાગરૂપે આગામી તા. ૧૩ થી ૧૬ જાન્યુઆરી દરમિયાન ગીર ફાઉન્ડેશન ખાતે દવાખાનુ પણ કાર્યરત રહેશે. જ્યારે આ સેવાના અભિયાનમાં ગાંધીનગર ઉપરાંત પાલનપુર, ઉવારસદ, અમદાવાદ અને દાંતીવાડા સહીતના શહેરોમાંથી સ્વયંસેવકો કામે લાગશે.

● અનુસંધાન પાન-૭ પર



રમતોત્સવ - આજકાલ ગાંધીનગરની શાળાઓમાં રમતોત્સવ અને વાર્ષિકોત્સવની મોસમ પૂરબહારમાં ખીલી છે... બાળકોની આંતરિક શક્તિ વિકસાવવાના અભિગમથી શાળાઓમાં રમતગમતની અને સાંસ્કૃતિક અભિવ્યક્તિને મહત્વ અપાય છે. કડી સંકુલની કન્યા વિદ્યાલયની બાળાઓ રસપ્રદ અને રોમાંચક લીંબુ-ચમચાની રમત દ્વારા મજા માણી હતી તો ગોળા ફેંક જેવી સ્પર્ધાઓમાં પોતાની શારીરિક શક્તિને પ્રદર્શિત કરી હતી.




# જિલ્લામાં એક વર્ષમાં ટ્રાફીક પોલીસે પોણો કરોડ દંડ વસુલ્યો

## ઉચ્ચક ભાડુ વસુલતા રીક્ષાચાલકોને રૂ. ૧.૧૦ લાખનો દંડ : સીટ બેલ્ટના ૨૨,૬૫૧ અને હેલમેટ ન પહેરનાર ૯૦૩૭ વાહનચાલકો દંડાયા : એક હજારથી વધુ ચાલકો ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા ઝડપાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ટ્રાફીકના નિયમોના પાલન કરાવવા તથા વાહન અકસ્માતો અટકાવવાના ભાગરૂપે વિવિધ સ્થળોએ ટ્રાફીક ઝુંબેશ ચલાવી કાયદાની કડક અમલવારી કરવામાં આવી હતી. એક વર્ષમાં ટ્રાફીક પોલીસ દ્વારા ગાંધીનગર જિલ્લામાં ટ્રાફીક નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો પાસેથી પોણો કરોડ રૂપિયાનો જંગી સ્થળ દંડ વસુલવામાં આવ્યો છે. તેમાં ઉચ્ચક ભાડુ મુસાફરો પાસેથી વસુલતા ૧૪૫૮ રીક્ષા ચાલકોને ઝડપી તેમની પાસેથી રૂ. ૧.૧૦ લાખનો દંડ વસુલવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલની સુચનાથી ટ્રાફિક નિયમન માટે તેમજ વાહન અકસ્માત રોકવા કાયદાની કડક અમલવારી માટે જિલ્લા ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીત તથા તેમની ટીમ દ્વારા અવારનવાર ઝુંબેશ રાખી વાહન ડીટેઈન, હેલમેટ, સીટ બેલ્ટ વગર ફરતા વાહનચાલકો પકડવા, ડાર્ક ફિલ્મ લગાવીને ફરતા કાર ચાલકો સહિત ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા વાહનચાલકોને પકડી દંડ કરવાની ખાસ કામગીરી કરી હતી. વર્ષ ૨૦૧૩માં રૂ. ૭૩,૭૧૭૨૫નો સ્થળ દંડ વાહનચાલકો પાસેથી ટ્રાફીક પોલીસ દ્વારા વસુલવામાં આવ્યો છે. જેમાં લાયસન્સ, ગેરકાયદેસર રીતે મુસાફરોની હેરાફેરીના ૩૯૪૯ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. એક વર્ષમાં ઓવર સ્પીડના ૧૬૧ કેસ, નો પાર્કિંગના ૮૫ કેસ કરીને નો પાર્કીંગ ઝોનમાં પાર્ક કરનાર ૧૦૯૬ વાહનચાલકોને પાવતી આપી તેમની પાસેથી રૂ. ૧,૦૦,૯૫૦ નો દંડ વસુલવામાં આવ્યો છે. બ્રિથ એનેલાઈઝર ટેસ્ટ દ્વારા ૧૭ વાહનચાલકોને નશાયુક્ત બનીને વાહન ચલાવતા પકડ્યા છે. તે ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વી.આઈ.પી. વિઝીટ માટે હવે અલાયદુ રજીસ્ટર નિભાવશે.
- જિલ્લા કોંગ્રેસના એક નેતા ગઈકાલે મોબાઈલનું બિલ ભરવા અખબારભવનની કચેરીએ જતા રહ્યા હતા.
- ગુજરાતી ફિલ્મ ગોવિંદજી ઠાકોર - રીક્ષાવાળોનો પ્રિમીયર શૉ આજે ગાંધીનગરના સિનેમેક્સમાં યોજાયો છે.
- સદાચાર-યાત્રા દરમ્યાન કોંગ્રેસની જૂથબંધી બહાર આવી છે. કાર્યકરોની ગેરહાજરી હતી પરંતુ નેતાઓ જ હાજર રહ્યા હતા.













Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com